# શાસ્ત્રીય સંગીતની સાધના અને સંવર્ધનમાં સમર્પિત મૂર્ધન્ય મહાનુભાવોનું સન્માન



ભવ્ય સન્માન - મુખ્યમંત્રી એ ગુજરાત સંગીત નાટક અકાદમી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપક્રમે મહાત્મા મંદિર ખાતે આયોજિત પંડિત ઓમકાર નાથ શાસ્ત્રીય સંગીત એવોર્ડ સમારોહ ૨૦૧૯ અંતર્ગત ભારતના ચાર સિદ્ધહસ્ત સંગીતજ્ઞ મહાનુભાવોને પુરસ્કરો એનાયત કર્યા હતા. આ એવોર્ડ થી વિભૂષિત થયેલા મહાનુભાવોમાં પદ્મશ્રી પંડિત અજોય ચક્રવર્તી, પદ્મ વિભૂષણ ઉસ્તાદ ગુલામ મુસ્તુફા ખાન, પદ્મશ્રી ઉલ્હાસ કાશલકર તેમજ પદ્મશ્રી શેખર સેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હિન્દી ફિલ્મી સંગીતના પ્રખ્યાત ગાયિકા કવિતા કૃષ્ણમૂર્તિનું પણ મુખ્યમંત્રી દ્વારા સન્માન કરાયું હતું. મુખ્યમંત્રી એ આ સર્વે મહાનુભાવો ને એવોર્ડ અર્પણ કર્યા હતા તેમજ વિધાન સભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી એ રાજ્ય સરકાર તરફથી રૂપિયા ૫ લાખ પુરસ્કાર અને સાંસ્કૃતિક પ્રવૃતિ મંત્રી ઈશ્વસિંહ પટેલે શોલ ઓઢાડી ગૌરવ પ્રદાન કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ ગુજરાતને માત્ર આંતરમાળખાકીય સુવિધાઓની તેજ રફતાર પુરતો સિમિત ન રાખતા જન-જન આત્મિય આનંદ અનુભવે એવા સંગીત, સાહિત્ય અને કલાસંસ્કૃતિ ક્ષેત્રે પણ અવિરત વિકાસ રાખવાની નેમ દર્શાવી હતી.

## રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો ૧૬મીથી શુભારંભ કરાશે

ગાંધીનગર, તા. ૭

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ સંજય પ્રસાદે જણાવ્યુ છે કે, ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે અને આધુનિક ખેત પધ્ધતિથી ખેતી કરવા માટે વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરવા માટે વૈજ્ઞાનિક ઢબે માર્ગદર્શન આપવા પ્રતિવર્ષ રાજયભરમાં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આગામી ૧૬મી જૂન-૨૦૧૯ થી બે દિવસ માટે રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો શુભારભ થશે.

પ્રસાદે ઉમેર્યુ કે આ વર્ષે કૃષિ મહોત્સવ તારીખ-૧૬-૧૭ જુન-૨૦૧૯ એમ બે દિવસ દરમિયાન યોજાશે. રાજયના ૩૩ જિલ્લાઓમાં તાલુકા દીઠ એક સ્થળે એટલે કે ૨૪૮ સ્થળે કાર્યક્રમો યોજાશે જેમાં એક દિવસીય સેમિનાર અને પ્રદર્શનનું આયોજન કરાશે તેમ જ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન-પ્રદાન, કિસાનગોષ્ઠી તથા કૃષિ અને પશુપાલન, બાગાયત વિષયના તજજ્ઞો ધ્વારા સંબંધિત વિષયોને લગતા માર્ગદર્શન આપવામાં આવશે.

તેમણે ઉમેર્યુ કે, ચાલુ વર્ષે યોજાનાર આ કૃષિ મહોત્સવમાં કૃષિ માટે આધુનિક કૃષિ યાંત્રીકીકરણ, જળસંચય અને જળસિંચન થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, કૃષિ યાંત્રીકીકરણ થકી ઓછા ખર્ચે સમયસર ખેતી કાર્યો સંકલિત પોષણ વ્યવસ્થા થકી જમીનની તંદુરસ્ત જાળવણી કૃષિ અને બાગાયતી પાકોની ઉત્પાદકતા વધારી તેનું મુલ્યવર્ધન, સંકલિત રોગ અને જીવાત નિયંત્રણ, ખેતીકાર્યોમાં ઘટાડા સાથે ઉત્પાદનમાં વધારો, પ્રધાનમંત્રી ફસલબિમા યોજના, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાન મંત્રી કિસાન સમ્માન નિધિ યોજના સહિત રાજય સરકારની વિવિધ સહાય યોજનાઓ સંદર્ભે નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન ખેડૂતોને આપવામાં આવશે.

કૃષિ મહોત્સવની સાથે સાથે પશુપાલન ક્ષેત્રે પણ કૃષિકારોને માર્ગદર્શન મળે તે આશયથી આદર્શ પશુપાલન અંગે વિસ્તૃત જાણકારી અપાશે. પશુ યોજના જટિલ ગંભીર રોગની સ્થળ પર તપાસ સારવાર આપવા માટે રાજ્ય વ્યાપી પશુ આરોગ્ય મેળાઓનું પણ આયોજન કરવામાં આવનાર છે જેમાં પશુપાલકોને બહુધા પ્રમાણમાં લાભ લેવા પણ રાજ્ય સરકાર દ્વારા અનુરોધ કરાયો છે.

રાજયભરમાં વર્ષ ૨૦૦૫થી તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજયના ખેડૂતોને આધુનિક કૃષિ તરફ પ્રેરિત કરવા શરુ કરાયેલ. આ કૃષિ મહોત્સવની ૧૫મી કડીના આયોજન માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને કૃષિમંત્રી આર.સી.ફળદુ ધ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. રાજયવ્યાપી કૃષિ મહોત્સવનો શુભારંભ મુખ્યમંત્રીના હસ્તે કરાશે અને મંત્રીમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહેશે તો ખેડૂતોને કૃષિ મહોત્સવમાં સદભાગી થવા પણ અનુરોધ કરાયો છે.



ગાંધીનગર શહેરમાં માર્ગ અકસ્માતોના બનાવો સૌથી વધુ બને છે તેવા ખ-રોડ પર આજે એક અજાણ્યા વાહનચાલકે રોઝ ગાયને ટક્કર મારી અને તેનું મોત નિપજાવ્યું હતું. વાહનચાલક ફરાર થવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા ગંભીર બની રહી છે અને તેમાંય રોઝ ગાયના આ અકસ્માતના કારણે પશુપ્રેમીઓમાં નિરાશા અને શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

### આર.ટી.ઈ. પ્રવેશના પ્રથમ રાઉન્ડમાં

## શાળાની પુનઃ પસંદગી અંગે ૧૦મી સુધી અરજી કરો

ગાંધીનગર, તા. ૭

રાઈટ ટુ એજ્યુકેશનના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવેલ હોય અને ટેકનીકલ ક્ષતિને કારણે પ્રવેશ ન મળ્યો હોય તેવા વિદ્યાર્થીઓ માટે શાળાઓની પુનઃ પસંદગી ૧૦મી જૂન સુધીમાં કરી લેવાની રહેશે. આ માટે આજથી આ પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે.

પ્રાપ્ત વિગતો મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માટે આરટીઈ હેઠળ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. પરંતુ કેટલાક ટેકનિકલ કારણોસર જેવા કે લઘુમતી શાળા હોય, શાળા બંધ થયેલ હોય, શાળાના બોર્ડ/માધ્યમમાં ભૂલ હોય, શાળા ધોરણ ૬ થી ૮ ની હોય, વગેરે કારણોસર પ્રથમ રાઉન્ડમાં આરટીઈ હેઠળ ફાળવેલ વિદ્યાર્થીઓને જે તે શાળાઓ દ્વારા પ્રવેશ આપેલ નથી તેમજ આવા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકેલ નથી. આથી આવા વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ ખાલી જગ્યા ધરાવતી બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓની પુનઃ પસંદગી કરવા તા. ૭-૬-૨૦૧૯ થી ૧૦-૬-૨૦૧૯ સુધી વેબપોર્ટલ ઓપન કરવામાં આવશે.

આરટીઈ પ્રવેશનો પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવેલ જે વિદ્યાર્થીઓને જે તે શાળામાં પ્રવેશ મળેલ નથી તેવા વિદ્યાર્થીઓ શાળાઓની પુનઃ પસંદગી કરવા ઈચ્છે તો વેબપોર્ટલ http://rte.orpgujarat.com. પર જઈ એપ્લિકેશન નંબર અને જન્મ તારીખ નાખી માત્ર શાળાઓની પુનઃ પસંદગી કરી શકશે. સદર વિદ્યાર્થીઓને તા. ૭-૬-૨૦૧૯થી ૧૦-૬-૨૦૧૯ દરમ્યાન શાળાઓની પુનઃ પસંદગી કરવા અંગે અત્રેથી એસએમએસથી જાણ કરવામાં આવેલ છે. જેથી આરટીઈ પ્રવેશના બીજા રાઉન્ડ પહેલા આવા વિદ્યાર્થીઓને આરટીઈ હેઠળ પ્રવેશ ફાળવી શકાય.



સેક્ટર-૬ ખાતે સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા યોજાયેલ પોથી યાત્રામાં આજે મહિલા કાઉન્સીલર શ્રીમતિ હિરલબેન ઉર્પલકુમાર જોશીએ માથે પોથી ઉપાડી અને યાત્રામાં સહભાગી થયા હતા તેમજ તેમના નિવાસસ્થાન સહિત સે. ૬માં વિવિધ ઘરે પોથીની પધરામણી અને સ્વામિનારાયણ ભગવાનના પૂજન-અર્ચનનો કાર્યક્રમ યોજાયો હતો. આ યાત્રામાં સત્સંગીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. આ યાત્રાને સેક્ટરના રહીશોએ હોંશભેર વધામણા કર્યા હતા.

## જિલ્લામાં ખરીફ વાવેતર ૬૧૨૩ હેક્ટરમાં નોંધાયુ

### ધીમી ગતિએ વાવેતર ગરમીના પ્રકોપને લઈ થઈ રહ્યુ છે : સારા ચોમાસાની ખેડૂતોને આશા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ખરીફ સિઝનના વાવેતરનો ધીમી ગતિએ આરંભ થયો છે. આજ સુધીમાં જિલ્લામાં ૬૧૨૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે.

જિલ્લામાં આ વખતે પાક પેટર્નમાં બદલાવ જોવા મળી રહ્યો છે. ખેડૂતોએ અત્યાર સુધીમાં નોંધાયેલ વાવેતરમાં ૨૨૧૪ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર કર્યુ છે.

જિલ્લામાં શાકભાજીના પાકોનું વાવેતર ૮૫૧ હેક્ટરમાં નોંધાયુ છે જ્યારે કપાસનું વાવેતર ૨૮૫૯ હેક્ટરમાં નોંધાયુ છે. જિલ્લામાં મગફળીનું વાવેતર ૧૯૯ હેક્ટરમાં નોંધાયુ છે.

ચોમાસુ મોડુ હોવાથી વાવેતરનો આરંભ પણ ધીમી ગતિએ થઈ રહ્યો છે. એક તરફ ગરમીનો પ્રકોપ ઓછો થયો નથી બીજી તરફ લગ્નની સિઝન પણ હમણાં પુરી થઈ હોવાથી ખેડૂતો ખરીફ પાકનું વાવેતર ધીમી ગતિએ કરી રહ્યા છે.

જિલ્લામાં ખરીફ ઋતુમાં થતા અન્ય પાકોના વાવેતર હજુ નોંધાયા નથી પરંતુ કપાસ અને મગફળી તેમજ શાકભાજીના પાકોનું ધીમીગતિએ વાવેતર થઈ રહ્યુ છે.

આ વખતે પણ ઘાસચારાનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લામાં ગરમી જે રીતે પડી રહી છે તે જોતાં ચોમાસુ સારૂ રહેશે તેમ ખેડૂતોનું માનવુ છે. જિલ્લામાં સરેરાશ એક લાખ ૪૨ હજાર હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થાય છે.

૧૫મી મે થી સામાન્ય રીતે આ વાવેતર શરૂ થતુ હોય છે પણ આ વખતે વાવેતર ૧૦ દિવસ જેટલુ મોડુ શરૂ થયુ છે જે નોંધનીય છે.





શીખ સંપ્રદાયના પાંચમા અર્જુનદેવજીના શહીદી દિવસની ઉજવણી ગાંધીનગર ખાતે ધામધૂમથી કરવામાં આવી હતી. આ નિમિત્તે નીકળેલી યાત્રામાં લોકોને શરબત પીરસવા માટે ઠેર - ઠેર મંડપો ઉભા કરવામાં આવ્યા હતા.

## બાળકીનો અંગૂઠો કપાવવાના મુદ્દે બાળ સંરક્ષણમાં ફરિયાદ

શહેરની વી એસ હોસ્પિટલ ખાતેની સારવાર દરમ્યાન ફરજ પર હાજર અણઘડ નર્સની ગંભીર બેદરકારીના ગરીબ પરિવારની છ મહિનાની બાળકીનો અંગુઠો કપાઈ જવાના ચકચારભર્યા પ્રકરણમાં સામાજિક કાર્યકર અને ગુજરાત હાઈકોર્ટમાં અનેક જાહેરહિતની રિટ અરજીઓ દાખલ કરનાર ચંદ્રવદન ધ્રુવ દ્વારા ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ અધિકાર આયોગ સમક્ષ ઉગ્ર રજૂઆત કરવામાં આવી છે. તેમણે આ કેસમાં પીડિત પરિવારને યોગ્ય વળતર આપવા અને કસૂરવાર નર્સ સહિતના જવાબદાર તમામ લોકો સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવા ઉગ્ર માંગણી કરી છે. ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ સમક્ષ રજૂઆત કરતાં સામાજિક કાર્યકર ચંદ્રવદન ધ્રુવે જણાવ્યું હતુ કે, આ બાબત ખૂબ જ ગંભીર અને સંવેદનશીલ મામલો છે. આ કિસ્સામાં અણઘડ નર્સની સાથે સાથે ડોક્ટર પણ જવાબદાર ગણાય. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો આ બાબતે મૌન સેવી રહ્યા છે જે ખૂબજ દુઃખદ છે. રાજયના તમામ બાળકોને મળેલા બંધારણીય અધિકારનું રક્ષણ થાય તેની જવાબદારી ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગની રહેલી છે.

## સુરત અગ્નિકાંડ મામલે આરોપીના કેસો ન લડવા માટેની અપીલ થઈ

ગુજરાત સહિત દેશભરમાં ભારે ખળભળાટ મચાવનારા સુરત આગકાંડમાં હોમાઈ ગયેલા ૨૩ વિદ્યાર્થીઓના પરિવારજનો અને સ્થાનિક સુરતીવાસીઓએ આજે સુરત કોર્ટની બહાર હાથમાં બેનરો-પ્લેકાર્ડ લઈ સુરતના વકીલઆલમને બહુ હૃદયસ્પર્શી અનુરોધ કર્યો હતો કે, સુરત આગકાંડના આરોપીઓની તરફે તમે કોઈપણ કેસ લડશો નહી અને આ આરોપીઓને આકરામાં આકરી સજા થાય તે માટે આગકાંડમાં હોમાયેલા દિકરા-દિકરીઓને ન્યાય અપાવો. સુરતના સરથાણા જકાતનાકા ખાતે આવેલી તક્ષશિલા આર્કેડમાં લાગેલી આગના કારણે ૨૩ વિદ્યાર્થીઓના કરૂણ મોત નીપજયા હતા. આ સમગ્ર દુર્ઘટનાને માનવસર્જીત ગણાવી પીડિત પરિવારજનો અને સુરતવાસીઓએ આજે સુરત જિલ્લા અને સત્ર ન્યાયાધીશ તથા સુરત શહેરની તાબાની કોર્ટોના પ્રાંગણની બહાર આજે હાથમાં બેનરો-પ્લેકાર્ડ લઈ લાઈન લગાવી હતી અને સુરતના વકીલઆલમને બહુ હૃદયસ્પર્શી સંવેદના સાથે અનુરોધ કર્યો હતો કે, સુરત આગકાંડમાં માર્યા ગયેલા આ દિકરા-દિકરીઓ તમારા પણ હતા અને તેથી તેઓને તમે વકીલો ન્યાય અપાવો. આ જઘન્ય માનવસર્જીત દુર્ઘટનામાં સંડોવાયેલા આરોપીઓ તરફે વકીલઆલમ કોઈ કેસ ના લડે કે આરોપીઓ તરફથી કોઈ વકીલ હાજર ના થાય. એટલું જ નહી, આ કેસના તમામ આરોપીઓને આકરામાં આકરી અને સમાજમાં એક સબક સમાન સજા થાય તેવી ઉગ્ર માંગણી પણ પીડિત પરિવારજનોએ કરી હતી.

## ઝેરી દવા પી લેનાર પ્રાંતિયાના યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ

ગાંધીનગર નજીક આવેલા પ્રાંતિયા ગામના સંજય મહેશજી ઠાકોર ઉં.વ.૨૨ એ અગમ્ય કારણોસર ગત તા. ૩-૬-૧૯ ના રોજ બપોરના સુમારે ઘરમાં દવા પી લીધી હતી. યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જયા સારવાર દરમિયાન આજે સવારે યુવાનનું મૃત્યું નિપજ્યું હતું. બનાવ અંગે ડભોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

## મુખ્યમંત્રીના હસ્તે શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સનો આવતીકાલથી શુભારંભ

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સનો શુભારંભ આગામી તારીખ ૯-૬/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૧૧ કલાકે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાશે. મુખ્ય અતિથિ તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે પણ ઉપસ્થિત રહેશે.

આ વેળાએ શિક્ષણ વિભાગના વિવિધ પ્રોજેક્ટ્સ જેવા કે, પ્રવેશોત્સવ ૨.૦, ગુણોત્સવ ૨.૦, શાળા તત્પરતા કાર્યક્રમ, ઓનલાઈન એટેન્ડન્ટ્સ સિસ્ટમ, જ્ઞાનકુંજ ફેઝ-૨, સ્કૂલ મોનિટરિંગ એપ્લિકેશનનું લોન્ચિંગ તેમજ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટરનું ઉદઘાટન પણ મહાનુભાવોના હસ્તે કરાશે. ઉપરાંત વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ પણ કરાશે.

**જોઈએ છે**

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર, સે.૧૨, ગાંધીનગર માટે ક્લાર્ક / કોમ્પ્યુટર ઓપરેટર / સુપરવાઈઝરની કામગીરી કરવા માટે રસ ધરાવતા ઈસમો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

લાયકાતની વિગતો સાથે કચેરીાં તા. ૧૦/૬/૨૦૧૯ સુધીમાં અરજી કરવાની રહેશે.

સંપર્ક :
ફોન : ૨૩૨ ૩૮૭૭૮
(મો.) ૯૯૦૯૯ ૨૧૧૩૭

## વીજ માંગ ૨૦૪૦ સુધી ત્રણ ગણી થવાની સંભાવના

અમદાવાદ,તા.૭

ટાટા પાવર સ્કિલ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (ટીપીએસડીઆઈ)ટાટા પાવરની કામગીરીનાં ક્ષેત્રોમાં અને એની આસપાસ વસતાં સમુદાયોમાં વસતાં લોકોને ઉદ્યોગ માટે, ખાસ કરીને વીજ અને આનુષંગિક ક્ષેત્રોમાં જરૂરી કુશળતા સાથે લોકોને સક્ષમ બનાવવા અને રોજગારદક્ષતા વધારવા પ્રયાસરત છે. ટીપીએસડીઆઈ એ ભારતભરમાં પાંચ સ્કિલિંગ હબ ધરાવે છે. એનું એક કેન્દ્ર ગુજરાતમાં મુન્દ્રામાં છે, જેમાં ગયા નાણાકીય વર્ષમાં એપ્રિલ, ૨૦૧૮થી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ૩૩૭૨ લોકોને સ્કિલ ડેવલપેન્ટની તાલીમ આપવામાં આવી હતી. જેમાં ગુજરાત સહિતના પાંચેય સ્કિલિંગ હબમાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન ૧૧૯ અભ્યાસક્રમોમાં ૧૬,૪૮૩ લોકોને તાલીમ આપવામાં આવી છે એમ અત્રે ટીપીએસડીઆઈની ભૂમિકા અને વિઝન પર તેના વડા શ્રી જયવદન મિસ્ત્રીએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભારતની વસતિ અને એની આકાંક્ષાઓ વિશાળ છે. ભારતમાં ઝડપથી શહેરીકરણ થઈ રહ્યું છે અને એની સાથે વીજળી માટેની માગમાં વધારો થઈ રહ્યો છે. એક ધારણા મુજબ, ભારતમાં વર્ષ ૨૦૪૦ સુધીમાં વીજળીની માગ વધીને હાલ કરતાં ત્રણ ગણી થઈ જશે.